**ગ્રાહકફરિયાદનિવારણફોરમ, જુનાગઢ**
**પશ્ચિમગુજરાતવીજકંપનીલીમીટેડ**
સર્કલ ઓફીસ, જુના પાવર હાઉસ કમ્પાઉન્ડ, આઝાદ ચોક, એમ.જી.રોડ, જુનાગઢ – ૩૬૨૦૦૧
ફોનનં. : ૦૨૮૫ –૨૬૨૨૧૬૭/૨૬૫૭૮૭૭ website : www.pgvcl.com
CIN:U40102GJ2003SGC042908

પીજીવીસીએલ/સીજીઆરએફ/૦૪૭/ક્વા-૦૪/૨૦૨૧-૨૨ / 398 તા. 7 MAY 2022

રજી.એડી./સ્પીડ પોસ્ટ/કુરિયર મારફત

પ્રતિ,
મેરગભાઈ હાજાભાઈ બારડ
સીમાર
વેરાવળ
જી. :ગીર સોમનાથ, પીનકોડ. : ૩૬૨૨૬૮ મોબાઈલ :૯૧૦૬૩૧૧૫૬૮

વિષય : અમો અરજદારના અંદાજે ૨ વર્ષ જેટલા સમય થી મંજૂર થયેલ ખેતીવાડી વીજ જોડાણ પેન્ડિંગ હોવા બાબત.
સંદર્ભે : મેરગભાઈ હાજાભાઈ બારડ ની રજુઆત તારીખ: ૨૫.૦૨.૨૦૨૨
(અત્રેનાફોરમનીનોંધણીનંબર : ૦૪૭/ક્વા-૦૪/૨૦૨૧-૨૨)

મહોદયશ્રી,

આપશ્રી દ્વારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ સમક્ષ કરવામાં આવેલ અરજીના ચુકાદાની પ્રમાણિત નકલ આ સાથે સામેલ છે.

જે આપશ્રીને સુવિદિત થાય, આપના સહકાર સહ, આભાર સહ.

આપનો વિશ્વાસુ,

(ડી.એસ.રાજપાલ)
કન્વીનર
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લી., જુનાગઢ

બિડાણ : ઉપર મુજબ.
નકલ સાદર રવાના :

(૧) અધિક્ષક ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., વર્તુળ કચેરી, પોરબંદર

(૨) કાર્યપાલક ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., વિભાગીય કચેરી, માંગરોળ

સદર નિર્ણયપત્રની નકલ આપશ્રીને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નામદાર ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ ( ગ્રાહક તકરાર નિવારણ ફોરમ અને લોકપાલ ) વિનિયમો-૨૦૧૧, જાહેરનામા નં.- ૦૨/૨૦૧૯ ની વિનિયમ નં.- ૨.૫૪ અનુસાર, સદર હુકમના પાલન અંગે થયેલ કાર્યવાહીનો અહેવાલ અત્રેની ફોરમ કચેરીને અચૂક મોકલી આપવા વિનંતી.

(૩) નાયબ ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., પેટા વિભાગીય કચેરી, ચોરવાડ

# ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, જુનાગઢ

## પશ્ચિમ ગુજરાત વીજ કંપની લીમીટેડ

સર્કલ ઓફીસ, જુના પાવર હાઉસ કમ્પાઉન્ડ, આઝાદ ચોક, એમ.જી.રોડ, જુનાગઢ – ૩૬૨૦૦૧

ફોન નં. : ૦૨૮૫ – ૨૬૨૨૧૬૭/૨૬૫૭૮૭૭ website : forumjunagadh.pgvcl@gebmail.com

CIN:U40102GJ2003SGC042908


પીજીવીસીએલ/સીજીઆરએફ/૪૭/ક્વા-૦૪/૨૦૨૧-૨૨/ 398 તા.. 7 MAY 2022

૨૦૦૩ના ભારતીય વીજળી અધિનિયમની કલમ નં. ૪૨(૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) અગાઉના નોટીફીકેશન નં. ૦૨/૨૦૧૧ હેઠળ રચાયેલ તેમજ પ્રવર્તમાન નોટીફીકેશન નં. ૦૨/૨૦૧૯ મુજબના ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF) પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ જુનાગઢના ચેરમેન સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

**No. PG –૪૭/ક્વા-૦૪/૨૦૨૧-૨૨**

અરજદાર: શ્રી મેરગભાઈ હાજાભાઈ બારડ ગામ – સીમાર

સબડીવીઝન: ચોરવાડ

**:: વિરુધ્ધ ::**

સામાવાળા: કાર્યક્ષેત્ર: કાર્યપાલક ઈજનેર પીજીવીસીએલ વિભાગીય કચેરી માંગરોળ

**:: કોરમ ::**

૧) ચેરપર્સન : શ્રી એન.સી.મકવાણા

૨) મેમ્બર સ્વતંત્ર : શ્રી એન.એસ.પંડયા

સુનાવણી સ્થળ- પીજીવીસીએલ, વર્તુળ કચેરી, જુનાગઢ

તારીખ: સોમવાર (૧૮-૦૪-૨૦૨૨)

૧.૦ સદર કેસની સુનાવણી તા. ૧૮-૦૪-૨૦૨૨ (સોમવાર) નાં રોજ રાખવામાં આવેલ હતી.જેમાં ઉપર મુજબ બને પક્ષકારો હાજર રહેલ હતા.

**:: અરજદારની રજૂઆત ::**

૨.૦ અરજદારશ્રી રજુઆતમાં જણાવે છે કે અમો અરજદાર મેરગભાઈ હાજાભાઈ બારડ છેલ્લા ઘણા વર્ષો થી વેરાવળ તાલુકાનાં સીમાર ગામે રહીએ છીએ. અમો અરજદારની પોતાની માલીકીની ખેતીની જમીન સર્વે નંબર ૨૩૭/P ૨માં આવેલ કૂવા ઉપર વીજ કનેક્શન મેળવવા તારીખ ૩૧-૦૩-૨૦૧૭ ના રોજ પીજીવીસીએલ સબડિવિઝન ચોરવાડ ખાતે માગણી કરેલ. ત્યારબાદ નિયમ મુજબ અમારું વીજકનેકશન પાસ થતાં તા.૦૩-૧૨-૨૦૧૯ના રોજ ભરવાપાત્ર થતી કોટેશનની રકમ અમોએ ભરપાઈ કરેલ છે. પીજીવીસીએલ કંપનીના અધિકારીના સર્વે મુજબ અમારી જમીનની ઉતર બાજુ

આપની કંપનીની ૧૧ કે.વી લાઇન આવેલ છે બાકી બંને દિશા એ તેમજ અમારા સદર સર્વે નંબર માઠી એલ.ટી. લાઇન આવેલ છે. અમારા માંગણી વાળા સર્વે નંબરની એકજ દિશા એ ૧૧ કે.વી. લાઇન આવેલ હોવાથી તારથી વિજલાઈન પસાર કરતાં ત્યાના ખેડૂત ખાતેદાર પોતાની જમીનમાં બાગાયતી પાક હોવાથી વિજલાઇન પસાર કરવામાં અવરોધ પેદા કરે છે. તેમજ પોતાના સર્વે નંબરથી લાઇન પસાર કરવાની સખત મનાઈ કરતાં હોવાથી અમોને અત્યાર સુધી આપની કંપની દ્વારા નવું વીજ જોડાણ આપવા માં નિષ્ફળ રહ્યા છે. તેમજ ચોરવાડ સબડિવિઝનના અધિકારી દ્વારા અમોને લેખિતમાં જાણ કરવામાં આવી કે જ્યાં સુધી ૧૧ લાઇન પસાર કરવામાં અવરોધક ખેડૂત ખાતેદાર પોતાની જમીનમાથી ૧૧ કે,વી. લાઇન પસાર ના કરવા દેઇ ત્યાં સુધી તમને નવું વીજકનેકશન આપવામાં નહીં આવે. તેમજ તમારો કેસ દફતરે કરેલ છે. તેમજ ઉપરોકત મુદના હિસાબે છેલ્લા ૨ વર્ષે જેટલા સમય થી અમારું મંજૂર થયેલ વિજ કનેકશન પેન્ડિંગ છે. આપ સાહેબશ્રી અમારી નમ્ર અરજ સાથે વિનંતી છે કે ઉપરોકત વિગતનું અમારું મંજૂર થયેલ ખેતીવાડી વિજકનેકશન અમોને અમારા સદર સર્વે નંબરમાથી પસાર થતી એલ.ટી. લાઇન માથી આપી શકાય તેમ છે. જેથી તે બાબતે યોગ્ય કરી અમારું ૨ વર્ષ જેટલા સમયથી મંજૂર થયેલ ખેતીવાડી વિજ કનેક્શન તાત્કાલિક ચાલુ કરી આપવા સંબંધિત અધિકારીશ્રી ને સૂચના માર્ગદર્શન આપવા અમો હાલની આ અરજી આપશ્રીને કરીએ છીએ. આમ અરજદારશ્રીએ અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે.

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

૩.૦ મેરગભાઈ હાજાભાઈ બારડ ગામ-સીમાર દ્વારા ખેતીવાડી નવા વીજજોડાણની માંગણી અન્વયે ખેતીવાડી નવું વીજજોડાણ આપવા માટેની રજૂઆત ઉપરોક્ત સંદર્ભવાળા પત્રથી ગ્રાહક ફરિયાદ નિવારણ કેન્દ્ર જૂનાગઢ મુકામે કરવામાં આવેલ જેની ટુંકી વિગત નીચે મુજબ છે.

(૧) અરજદારનું નામ -મેરગભાઈ હાજાભાઈ બારડ

(૨) ગામનું નામ -સીમાર તા- વેરાવળ

(૩) પેટા વિભાગીય કચેરી - ચોરવાડ

(૪) વિભાગીય કચેરી -માંગરોળ

(૫) વર્તુળ કચેરી - પોરબંદર

(૬) અરજદાર દ્વારા કરવામાં આવેલ અરજી તારીખ-૩૧-૦૩-૨૦૧૭ સર્વે નંબર-૨૩૬/પીર

(૭) જોડાણ નો હેતુ અને પ્રકાર - ખેતીવાડી નવું વીજ જોડાણ

(૮) અરજદારને આપવામાં આવેલ અંદાજપત્ર - તારીખ ૪/૧૧/૨૦૧૯

(૯) અરજદાર દ્વારા ભરપાઈ કરેલ અંદાજપત્ર તારીખ -૩/૧૨/૨૦૧૯

(૧૦) અરજદાર દ્વારા કરેલ એગ્રીમેન્ટ તારીખ -કરવામાં આવેલ નથી.

(૧૧) લાઈન ઉભી કરવામાં વાંધો લેનારનું નામ -મસરીભાઇ કરશનભાઈ ડોડીયા ગામ-સીમાર

(૧૨) ઉભી કરવાની થતી લાઈનની લંબાઈ -૩૦૦ મીટર ,૧૦ કેવીએ ટ્રાન્સફોરમર

સદર ખેતીવાડી નવા વીજ જોડાણના અંદાજપત્રકના નાણાં ભરપાઈ થયા બાદ ચોરવાડ પેટા વિભાગીય કચેરી હેઠળના લાઈન કોન્ટ્રાક્ટર સ્થળ પર લાઈન કામગીરી કરતાં બાજુના ખેડૂતો દ્વારા નવી વીજ લાઈન ઉભી કરવામાં સ્થળ પર અન્ય ખેડૂતો દ્વારા વાંધો લેવામાં આવેલ.આ અરજદારના ખેતીવાડી નવા વીજ જોડાણ બાબતે અન્ય હયાત કનેક્શન બાબતે વધુ વિગતવાર સ્થળ તપાસણી કરતા અને ઓફીસ રેકોર્ડ તપાસણી કરતા તથા વધુ વિગતવાર અભ્યાસ કરતા આ માગણી વાળા સર્વે નંબર પર રેકોર્ડની વધુ ઉંડાણ પૂવર્ક તપાસણી કરતા માલુમ પડેલ કે આ માગણી વાળા સર્વે નંબર પર હયાત ખેતીવાડી વીજ જોડાણ શ્રી હાજાભાઈ હમીરભાઈ બારડના નામનું ગ્રાહક નબર – ૮૦૭૩૯૦૦૩૫૭૭,૭.૫ હો.પા.થી હયાત ચાલુ છે.અને આ માગણી વાળા સર્વે નંબર વાળી જમીન ૨૦ વીઘા કરતા ઓછી હોવાથી એક સર્વે નંબરમાં બીજું ખેતીવાડી વીજ જોડાણ નિયમ અનુસાર આપી શકાય નહી.

૩.૧ આ વીજ જોડાણ બાબતે દરખાસ્ત ડીસ્ટ્રીક્ટ મેજિસ્ટ્રેટ વેરાવળ મુકામે પત્ર નંબર-સીએચડી/ટેક/આરઈ/૨૦૨૩ તા-૧૩-૫-૨૦૨૦ થી લાઈન પસાર કરવા માટે મંજૂરી અર્થે મોકલવામાં આવેલ હતી.અને ડીસ્ટ્રીક્ટ મેજિસ્ટ્રેટ વેરાવળ સમક્ષ સદર કેઈસની ચુનાવણી વખતે પીજીવીસીએલ ચોરવાડ પેટા વિભાગીય કચેરી દ્વારા પણ રજૂઆત કરવામાં આવેલ કે આ અરજદાર દ્વારા જે સર્વે નંબરમાં ખેતીવાડી વીજ જોડાણની માંગી કરેલ છે તે સર્વે નંબરમાં હાલમાં હયાત એક ખેતીવાડી વીજ જોડાણ હાજાભાઈ હમીરભાઈ બારડના નામનું હયાત હોય,અને આ માગણી વાળી જમીન ૨૦ વીઘા કરતા કરતા ઓછી હોય કંપનીના નિયમ અનુસાર એક વીજ જોડાણ હયાત આવેલું હોય તો આજ સર્વે નંબરમાં બીજું ખેતીવાડી વીજ જોડાણ આપી શકાય નહી,આ રજુઆતને અનુસંધાને માનનીય સબ ડીવીઝનલ મેજિસ્ટ્રેટ-વેરાવળ દ્વારા આ દરખાસ્ત દફતરે કરવા માટે તા-૧૭-૬-૨૦૨૧ હુકમ કરેલ છે.આ હુકમની નકલ આ સાથે બીડાણથી રજુ કરવામાં આવેલ છે.આ અરજદારની આ સર્વે નંબર વાળી અરજી દફતરે તથાં અરજદાર દ્વારા સર્વે નંબર-૨૩૬/પીર માંથી સર્વે નંબર-૨૩૭/પીર વાળી જમીનમાં તા-૧૪-૦૭-૨૦૨૧ ના રોજ સ્થળફેર માટેની અરજી કરવામાં આવેલ જે અરજી અનુસંધાને સ્થળ સર્વે ચોરવાડ પેટા વિભાગીય કચેરી દ્વારા કરતા આ સ્થળ પર સતત ગીચ નારીયેલીના બગીચાઓ આવેલા છે.જેથી આ સ્થળ પર ટેકનીકલી રીતે વીજ લાઈન પસાર કરી શકાય એમ નથી જેથી આ બાબતે અરજદારને પત્ર નંબર-સીએચડી/ટેક/રેવ/એચઆર/૪૧૩૯ તા-૮-૧૨-૨૦૨૧ થી માહિતગાર કરવામાં આવેલ છે.આ સ્થળફેર કનેક્શન બાબતે અરજદાર દ્વારા ગીચ નારિયેળીના બગીચાને કારણે એચ.ટી.લાઈન પસાર થઈ શકે એમ ન હોય જેથી એલ.ટી.લાઈન અમારી માગણી વાળા સર્વે નંબર માંથી પસાર થતી હોય તેમાંથી આ વીજ જોડાણ એલ.ટી.લાઈનમાંથી આપવા માટે રજૂઆત કરવામાં આવેલ છે.પરંતુ કંપની ના નિયમ અનુસાર એલ.ટી.લાઈન માંથી વીજ જોડાણ આપી શકાય નહી.

## :: હુકમ ::

૪.૦ અરજદારશ્રી દ્વારા કરેલ મૌખીક તેમજ લેખીત રજૂઆત તથા સામાંવાળાની મૌખીક રજૂઆત અને રજૂ કરાયેલ દસ્તાવેજી પુરાવાઓના આધારે ફોરમ નીચે મુજબના નિર્ણય ઉપર આવેલ છે.

૪.૧ સદર કેશ માં અરજદાર શ્રી રજુઆત મુજબ જે વીજ જોડાણ ચાલુ છે તે સર્વે નંબર અને તેના દ્વારા માંગણી કરવામાં આવેલ કનેક્શન બંને અલગ અલગ છે. માંગણી કરવામાં આવેલ તે સમયે પણ તે અલગ હતા જ્યારે કૂવો બંને સર્વે નંબર માં સંયુક્ત છે. જે તે વખતે જે સર્વે નં. માં માંગણી કરેલ છે તે સર્વે નં. અલગ અલગ છે કે કેમ તેની ચકાસણી પેટા વિભાગીય કચેરી ના નાયબ ઈજનેરશ્રી દ્વારા કરવી.

૪.૨ અરજદાર શ્રી દ્વારા જે જગ્યા એ માંગણી કરવામાં આવેલી છે તે જગ્યા ની માલિકી પુરવાર થતી હોય અને તે અંગે ના જરૂરી દસ્તાવેજી પુરાવા લઈ તેની ચકાસણી પેટા વિભાગીય કચેરી ના નાયબ ઈજનેરશ્રી દ્વારા કરવી અને ત્યાર પછી નવા ખેતીવાડી વીજ જોડાણ આપવા અંગે ની કંપની ના નિયમ મુજબ આગળ ની કાર્યવાહી કરવી.

૪.૨ ઉપરોક્ત મુદ્દાનં. ૪.૧ અને ૪.૨ મુજબ અત્રે ના ફોરમ દ્વારા હુકમ કરવામાં આવે છે.

૪.૩ આ સાથે અરજદારની અરજી ફેસલ કરવામાં આવે છે.

શ્રી એન.એસ.પંડયા
સ્વતંત્ર સભ્ય

શ્રી એન.સી.મકવાણા
ચેરપર્સન

નોંધ:-

(૧) અરજદાર સદર હુકમથી નારાજ હોય તો સદર હુકમ મળ્યાની તારીખથી દિન-૩૦ માં વિધુત લોકપાલમાં રજૂઆત કરી શકે છે.આ સાથે વિધુત લોકપાલમાં રજૂઆત કરવાની પધ્ધતિ સામેલ છે.

(૨) ગુજરાત વિધુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો'૨૦૧૧ જાહેરનામા નં.૨/૨૦૧૧ ની કલમ ૩.૧૭ મુજબની બધી શરતો સંતોષવામાં આવેલ હશે તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે.કલમ ૩.૧૭ (૮) મુજબ ફરિયાદિએ જરૂરી હોય તો ફોરમ ના હુકમના સંદર્ભમાં પરવાનેદાર પાસે એક તૃતીયાંશ રકમ જમા કરાવી હોય અને કરેલ ચુકવણીની સાબિતી રજૂ કરી હોય,તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે.

(૩) લોકપાલ નું સરનામું : વિધુત લોકપાલની કચેરી, બ્લોક નં. ૩, પોલિટેકનિક કમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૧૫.ફોન નં. (૦૭૯) ૨૬૩૦૨૬૮૯